મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધારવા બાબત ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના આશા બહેનો અને તેમના પરિવારજનો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૧૭-૮૭૨-બ.૧

સચિવાલય ગાંધીનગર

તા.૪-૧૦-૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૬/03/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૪-૯-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(5) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧-૪-૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(6) કમિશ્નરશ્રી (આરોગ્ય) નીતા. ૧૪-૮-૨૦૧૭ની SFS થી મળેલ દરખાસ્ત અન્વયે.

આમુખ:-

સંદર્ભ ક્રમાંક:- (૧) થી (૫) ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨ થી ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યક્તિ) તેમજ રૂ. ૧.૫૦ લાખ (અંકે એક લાખ પચાસ હજાર પુરા) કે તેથી ઓછી પારિવારિક વાર્ષિક આવક ધરાવતા પરિવારોને ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેસ સારવાર મળી રહે અને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં મદદરૂપ થવાના હેતુથી મુખ્યમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે.

હાલમાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના આશા બહેનો અને તેમના પરિવારજનો "મા વાત્સલ્ય" યોજનાના લાભોથી વંચિત રહી જાય છે. જે ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંક:- (૬) થી ગ્રામ્ય

તેમજ શહેરી વિસ્તારની આશા બહેનો અને તેમના પરિવારજનોનો "મા વાત્સલ્ય" યોજના હેઠળ સમાવેશ કરવા કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણાં હેઠળ હતી..

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે " મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય " યોજના હેઠળ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની આશા બહેનો અને તેમના પરિવારજનોનો સમાવેશ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨,તા.૧૩/૦૮/૨૦૧૪,તા.૨૬/૦૩/૨૦૧૫ અને તા.૧-૪-૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો કમિશ્નરશ્રી (આરોગ્ય)ની ફાઇલ પર માન,નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) ની મળેલ તા.૧૮-૮-૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

(એ. જે. ભાડેશીયા)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) મંત્રીશ્રી.કક્ષા. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- અધિક નિયામકશ્રી,(ત.શિ.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ . ગાંધીનગર/
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેક્શન અધિકારીશ્રી - મ શાખા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ - ૨૦૧૭.